
# ગુજરાતી



## ધોરણ-૬

प्रथम सत्र

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જુલાઈ માસનું પાઠ આયોજન
## ૧. પર્વત તારા (કાવ્ય)

**અધ્યયન નિષ્પતિ :**

૨.૨ પદ્યની વિગતો વચ્ચેનો સંબંધ નિશ્ચિત કરે છે.
૮.૩ લય - ઢાળ સાથે કાવ્ય ગાન કરે છે.
૩.૩ વિગતો ની જરૂરિયાત અનુસાર પ્રયોજે છે.
૪.૫ શબ્દ, શબ્દસમૂહ તેમજ રૂઢિપ્રયોગનો ઉપયોગ કરે અને અર્થપૂર્ણ વાક્ય રચના કરે.
૯.૬ લેખન અભિવ્યક્તિમાં પોતાની ભાષા સજ્જતાનો ઉપયોગ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

-પર્વત તારા કાવ્યના કવિ વિશે જાણે
-કાવ્યગાન, ભાવસમજ
-શબ્દાર્થ ચર્ચા
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
-ઉ.દા. મુજબ જોડ બનાવી વાક્યરચના કરીએ
-ઉ.દા. મુજબ શબ્દ જોડ રચો
-પ્રશ્નોના જવાબ સમજો અને લખો
-કાવ્ય પંક્તિનો ભાવાર્થ સમજીને લખો
-શબ્દને લાગુ પડતા બીજા શબ્દોની રચના કરો
-તો શું થાય? વિચારીને વિગતે લખો
-કૌંસમાં આપેલ શબ્દને પસંદ કરી ખાલી જગ્યા ભરો
-શબ્દ રચના કરો
-સૌથી નજીક હોય તે અર્થ સામે √ કરો
-ખોટા વિકલ્પો છે કે સાચું વાક્ય બનાવો
-સ્વાધ્યાય વિષયક ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
-સર્જક છબી
-ચાર્ટ પેપર, ગુંદર, રંગ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- શિક્ષક કાવ્ય ગાન કરે. 'પર્વત તારા' કાવ્યના સર્જક વિશે સમજાવી વર્ગખંડમાં સર્જક પરિચય છબી સાથેનો ચાર્ટ બનાવે. વિદ્યાર્થી સુચના મુજબ કાવ્ય ગાન તથા સર્જક પરિચય ચાર્ટ બનાવે. શિક્ષક શબ્દાર્થ તથા વાતચીત પ્રશ્નોની ચર્ચા કરી નોંધ કરાવે વિદ્યાર્થીઓ વિગતે નોંધપોથીમાં નોંધ કરશે. શિક્ષક ઉ.દા. મુજબ કરોની પ્રવૃત્તિ તથા પ્રશ્નોના જવાબ અને કાવ્ય પંક્તિ સમજાવશે. વિદ્યાર્થી ઉ.દા. મુજબ પ્રશ્નોત્તરી અને અર્થ લેખન કાર્ય કરશે. શિક્ષક શબ્દ રચના બીજા શબ્દ બનાવો અને તો શું થાય જેવી અનેક વિધ પ્રવૃત્તિ વિશે ચર્ચા કરી નોંધ કરાવશે. વિદ્યાર્થી વિગતે ચર્ચામાં જોડાશે તથા જોડીકાર્ય કરશે અને જવાબની નોંધ કરી લેશે. શિક્ષક સાચા વિકલ્પ શોધો √ ની નિશાની કરાવશે સાચું વાક્ય બનાવો પ્રવૃત્તિ હાથ ધરશે સાથે સ્વાધ્યાય વિષય સમજ આપશે. વિદ્યાર્થી શિક્ષકની સૂચના મુજબ પુસ્તકમાં તથા નોંધપોથીમાં જવાબની નોંધ કરી લઈ આગળની તૈયારીમાં જોડાશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-સર્જક પરિચય ચાર્ટ બનાવવો.
-પ્રાર્થના / ગીતો એકત્ર કરી અંક બનાવવો.
-નવા શબ્દો, અઘરાં શબ્દો એકઠા કરી કાર્ડ બનાવો.

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.
-શબ્દાર્થ લખવા
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
-પ્રશ્નોના જવાબ લખવા

## જુલાઈ માસનું પાઠ આયોજન
## ૨. વાર્તા રે વાર્તા

**અધ્યયન નિષ્પતિ :**

૧.૪ ટૂંકી વાર્તા કે કથનનું સભાનતાપૂર્વક શ્રવણ કરે
૬.૯ શબ્દ સમૂહ માટે એક શબ્દ બનાવો
૪.૧ વાર્તા સંવાદ નાટક સ્વરૂપે રજૂ કરે છે
૫.૬ વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક દ્રવ્યવાચક અને ભાવવાચક નામને ઓળખે અને માંગ્યા પ્રમાણે ઉપયોગ કરે
૭.૫ ભાવાત્મક અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્ય રચના પ્રયોજે છે
૯.૬ લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-વાર્તા રે વાર્તા રચનાનું આદર્શ વાંચન તથા સમજ
-વ્યક્તિગત વાંચન પ્રવૃત્તિ
-શબ્દાર્થ, રૂઢિપ્રયોગ, શબ્દસમૂહના મુદ્દાની ચર્ચા
-વાતચીતના પ્રશ્નોની સમજ
-વાક્યો ઘટનાક્રમમાં ગોઠવો પ્રવૃત્તિ
-પ્રશ્નોના સમજપૂર્વક જવાબ આપો
-અવાજો વિવિધ પ્રાણી પક્ષીના નોંધે.
-ફકરો બનાવે
-ખાલી જગ્યા ભરો.
-કોષ્ટકની વિગતો લખવી.
-વાક્ય કોણ બોલે તે લખો
-મુદ્દા પરથી વાર્તા લેખન પ્રવૃત્તિ કરો
-કોષ્ટકની વિગતો વર્ગીકરણ કરીને વ્યવસ્થિત ભરો
-રેખાંકિત પદના સ્થાને બીજું પદ મોકલી અથવા તે પદ ને શું કહેવાય તે કહો

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-પક્ષી કાર્ડ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક 'વાર્તા રે વાર્તા' નું આદર્શ વાંચન કરે વિદ્યાર્થી વ્યક્તિગત આદર્શ વાંચનનું મુહાવરો કરે. શિક્ષક 'વાર્તા રે વાર્તા' નું વાંચન કરીએ જરૂરી નોંધ કરાવે. જેમાં શબ્દાર્થ, અઘરાં શબ્દો, નવીન શબ્દો, રૂઢિપ્રયોગ, શબ્દ સમૂહ, કહેવત વગેરે નોંધ કરાવે. વિદ્યાર્થી શિક્ષકની સૂચના મુજબ નોંધ કરી લેશે. શિક્ષક વાતચીત આધારિત પ્રશ્નોની ચર્ચા કરે. વિદ્યાર્થીઓની ચર્ચામાં જોડાઈ પોતાના વિચારો રજૂ કરે. શિક્ષક પ્રશ્નોના જવાબ તથા વિવિધ પશુ-પક્ષીના અવાજો દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી બતાવે. વિદ્યાર્થી સમજપૂર્વક અવાજોનું અનુકરણ કરે અને નોંધ કરશે. શિક્ષક ફકરો બતાવવો ખાલી જગ્યા પૂરો અને કોષ્ટકની વિગતો ભરાવે. વિદ્યાર્થીઓ સૂચના મુજબ કાર્ય કરી વાક્ય કોણ બોલે તથા મુદ્દા પરથી વાર્તા સ્વ પ્રયત્ને રજૂ કરે. શિક્ષક વર્ગીકરણ ની માહિતી વિશે જૂથ કાર્ય કરી, રેખાંકિત પદની પણ માહિતી આપે. વિદ્યાર્થી ઉત્સાહથી પ્રવૃત્તિમાં ભાગ લઈ દરેક બાબત પુસ્તકે તથા નોધપોથી નોધ કરશે. શિક્ષક ભાષા સજ્જતા તથા સ્વાધ્યાયની વિગતે ચર્ચા કરે. વિદ્યાર્થી ચર્ચામાં ભાગ લઈ વિગતો નોધશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-પશુ – પક્ષીના મ્હોરા બનાવવા.
-શબ્દસમૂહ અને રૂઢીપ્રયોગ ચાર્ટ બનાવીએ.
-વિડીયો

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.
-સ્વાધ્યાય લેખન કરે.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## ૩. ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય

**અધ્યયન નિષ્પતિ :**

૧.૨ પરિચ્છેદનું સ્પષ્ટ વાચન ઓછામાં ઓછી, પ્રતિ મિનિટના 60+ શબ્દોની ઝડપથી કરે.
૨.૩ વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે.
૬.૧ અપરિચિત શબ્દના અર્થની ધારણા કરે, શોધખોળ કરે અને તારવે.
૭.૪ સામગ્રીમાં રહેલા ભાવ જાણે, શાબ્દિક / અશાબ્દિક રીતે પ્રગટ કરે.
ગદ્યખંડ અને સંવાદોનું વાચિકમ્ કરે.
૮.૫ વિષયવસ્તુનું ચિત્રાત્મક નિરૂપણ કરે.
લેખિત ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કેળવણીકાર ગીજુભાઈ બધેકાની માહિતી
-ચોમાસાનું સૃષ્ટિ સૌંદર્ય
-વરસાદ, વીજળી, મેઘધનુષ્ય વિશે ચર્ચા
-શબ્દાર્થ
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
- શબ્દ સમૂહની પ્રવૃત્તિ જોડીકાર્ય
- પ્રશ્નોના જવાબો ની ચર્ચા
- ચોમાસના ચિત્રો નથી ગમતું એક દ્રશ્યનું ચિત્ર દોરવું
- યોગ્ય વિકલ્પ પસંદ કરવા
- ખાલી જગ્યા પુરવી
- ક્રિયા વિશેષણ
- શું કરવું ગમે અને શું ન ગમે એની ચર્ચા કરી પ્રવૃત્તિ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
-વરસાદના ચિત્રો
-ચોમાસામાં નીકળતા જીવજંતુઓના ચિત્રો
-ચાર્ટ પેપર, ગુંદર, રંગ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય' આ પાઠના લેખક ગિજુભાઈ બધેકા કેળવણીકાર વિશે માહિતી આપીશ. ત્યારબાદ ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય પ્રકૃતિ નિબંધ વિદ્યાર્થીઓને સમજ આપીશ જેમાં ચોમાસાની ઋતુના સૌંદર્ય સજીવ નું વર્ણન કરીશ. ચોમાસામાં જે જુદા જુદા જીવજંતુઓ જોવા મળે છે એ વિશે અહીં લેખકે કેવી રસપ્રદ માહિતી આપી છે. તેના વિશે વિદ્યાર્થીઓને સમજ આપીશ. આ એકમમાં બાળકોને વરસાદ, વીજળી, મેઘધનુષ્ય વગેરે વિશે ચર્ચા કરી વિડિયો કે ચિત્રો દ્વારા સંપૂર્ણ સમજ આપીશ. એકમ બાદ પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દાર્થની ચર્ચા કરી નોંધ કરાવીશ. ત્યારબાદ શબ્દસમૂહ માટે એક શબ્દ ની સમજ આપી વાતચીત માં આપેલા પ્રશ્નોની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દસમૂહની પ્રવૃત્તિ જોડીકાર્ય દ્વારા વિદ્યાર્થીઓને કરાવી લખાવીશ. ત્યારબાદ જવાબ લખોમાં આપેલા પ્રશ્નોના જવાબો ની ચર્ચા કરી સમજ આપી લખાવીશ. આ એકમ વાંચ્યા બાદ તેમાંના કોઈ એક દ્રશ્યનું ચિત્ર પાઠ્યપુસ્તકમાં દોરાવી તેમાં મનગમતા રંગ પણ પુરાવીશ. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ ત્રણ જૂથ પાડી ઉનાળો, શિયાળો અને ચોમાસામાં શું કરવું ગમે અને શું કરવું ન ગમે એની ચર્ચા કરી પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- શબ્દ સમૂહની પ્રવૃત્તિ જોડીકાર્ય
- ચોમાસના ચિત્રો નથી ગમતું એક દ્રશ્યનું ચિત્ર દોરવું

**મૂલ્યાંકન :**

-શબ્દાર્થ લખવા
- શબ્દસમૂહ માટે એક શબ્દ
- વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
-પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## ૪. દ્રષ્ટિ પારની સૃષ્ટિ

**અધ્યયન નિષ્પતિ :**

૧.૨ પરિચ્છેદનું વાચન ઓછામાં ઓછી પ્રતિ મિનિટના 60+ શબ્દોની ઝડપથી સ્પષ્ટ ઉચ્ચારથી કરે.
૩.૨ ગદ્ય સામગ્રી-વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે.
૪.૫ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે.
૧.૧ વાક્યો, પરિચ્છેદનું સુ-શ્રુતલેખન (સારા અક્ષરથી શ્રુતલેખન મુ કરે.
૬.૩ શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે. સામગ્રીમાં રહેલા ભાવ ઓળખે, શાબ્દિક / અશાબ્દિક રીતે વ્યક્ત કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

-ડૉ. જયંત નારલીકર લેખક વિશે જાણે
- વિજ્ઞાન કથાની સમજ
- સ્પેસ, ગ્રહો, રોબોટ વિશે માહિતી
-શબ્દાર્થ ચર્ચા
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
- ગોળ કરવાની જોડીકાર્ય પ્રવૃત્તિ
- નજીક અર્થ વિકલ્પ સામે √ નિશાની કરવી
-પ્રશ્નોના જવાબ સમજો અને લખો
-ઘટનાને યોગ્ય ક્રમમાં ગોઠવવી
-વિજ્ઞાનના ફાયદા અને વિજ્ઞાનના ગેરફાયદા

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
- સ્પેસ, ગ્રહો, રોબોટના ફોટા
- વિજ્ઞાન કથા ને લગતા વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

-વિદ્યાર્થીઓને 'દૃષ્ટિ પાર ની સૃષ્ટિ' એકમ ના લેખક ડૉ. જયંત નારલીકરની માહિતી આપીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને આ એકમ દ્વારા એક સરસ વિજ્ઞાન કથાની સમજ આપીશ. જેમાં છોટુ નામનો એક કિશોરના પપ્પા વિજ્ઞાની છે. છોટુ ને પપ્પાની જેમ જ સ્પેસ સૂટ પહેરીને અવકાશમાં જવાનું મન થાય છે તેના પપ્પા એને ખંત થી ભણવાની અને મા બાપનું કહ્યું કરવું એવી સલાહ આપે છે આ બધું આ એકમનું વાંચન કરી ચર્ચા અને તેની વિદ્યાર્થીઓને સમજ આપીશ. આ વાર્તા દ્વારા સ્પેસ, ગ્રહો, રોબોટ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેની સમજ આપીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દાર્થની સમજ આપી તેની નોંધ કરાવીશ. વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને વારાફરતી પૂછીશ. વાર્તા અનુસાર આ ફકરાની કઈ વાતો સાચી નથી તેને ઓળખી તેના ઉપર લીટી કરાવીશ. નજીકના અર્થવાળા શબ્દ પર ગોળ કરવાની જોડીકાર્ય પ્રવૃત્તિ કરાવીશ. જોડકણામાં આપેલ 'અ' અને 'બ' સાથેના જોડીને અર્થપૂર્ણ વાક્ય બનાવડાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. ત્યારબાદ

પાઠ્યપુસ્તકમાં આપેલ વિજ્ઞાનના ફાયદા અને વિજ્ઞાનના ગેરફાયદા વર્ગની સંખ્યા પ્રમાણે બે ટીમ પાડી આ પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- સ્પેસ, ગ્રહો, રોબોટ વિશે માહિતી એકત્ર કરવી
- વિજ્ઞાનના ફાયદા અને વિજ્ઞાનના ગેરફાયદાની પ્રવુત્તિ

-પાઠમાં આવતા વૈજ્ઞાનિક શબ્દોની નોધ કરવી

**મૂલ્યાંકન :**

-શબ્દાર્થ લખવા
-શબ્દસમૂહ માટે એક શબ્દ
-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી
-પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## ૫. જય જય ગરવી ગુજરાત !

**અધ્યયન નિષ્પતિ :**

૪.૧ કવિતા કે વાર્તા સંવાદ (નાટિકા) સ્વરૂપે રજુ કરે.
૮.૩ લયાત્મક/ભાવવાહી કાવ્યગાન કરે.
૪.૮ સ્થાનિક ભાષાના શબ્દોને માન્ય ભાષાના શબ્દો સાથે સરખાવે.
૪.૨ પદ્યની માહિતીલક્ષી સામગ્રીમાંથી વિગતો શોધે, તેની વચ્ચેના સંબંધો સમજે ને વિગતોને જરૂરિયાત અનુસાર પ્રયોજે.
૪.૫ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે.
૬.૮ શબ્દચાવી, શબ્દચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવા જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કવિ નર્મદની માહિતી

-કાવ્યગાન, ભાવસમજ
-સમૂહ અને વ્યક્તિગત ગાન
-કાવ્યની સમજ
-ગુજરાતના ભવિષ્યનો અણસાર
-શબ્દાર્થ ચર્ચા
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

- શબ્દોમાંથી સાચા અર્થવાળા શબ્દ

-કાવ્યપંક્તિ સમજાવવી
-પ્રશ્નોના જવાબ સમજો અને લખો
-અન્ય કવિઓના ગીતનું ગાન

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
-ગુજરાતનો નકશો
-ગુજરાતની નદીઓની માહિતી
-ગુજરાતના જોવાલાયક સ્થળોની માહિતી
-સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'જય જય ગરવી ગુજરાત' ના કવિ નર્મદની માહિતી આપીશ. ત્યારબાદ જય જય ગરવી ગુજરાત આ કાવ્ય વિદ્યાર્થીઓને વિડિયો કે ઓડિયો દ્વારા ગવડાવીશ. આ કાવ્યનું વિદ્યાર્થીઓ સમૂહમાં ત્યારબાદ વ્યક્તિગત રીતે તેનું ગાન કરશે. ત્યારબાદ કાવ્યની સમજ આપીશ. જેમાં ગુજરાતની ભૌગોલિક સીમાઓ દર્શાવતા ચારે દિશાઓના ચાર તીર્થ સ્થળો નો ઉલ્લેખ કર્યો છે જેમાં પ્રેમ અને શૌર્ય વ્યક્ત થાય છે આ કાવ્યમાં ખમીર સાહસ અને પરાક્રમનું વર્ણન છે કવિએ અહીં નર્મદા, મહી વગેરે નદીઓને યાદ કરીને ગુજરાતના ભવિષ્યનો અણસાર આપ્યો છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. કાવ્ય ની સમજ આપ્યા બાદ પાઠ્યપુસ્તકમાં

આપેલ શબ્દાર્થોની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ વાતચીત દ્વારા આપેલા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી વારાફરતી વિદ્યાર્થીઓને પૂછીશ. આપેલ શબ્દોમાંથી સાચા અર્થવાળા શબ્દ શોધાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી વારાફરતી વિદ્યાર્થીઓને પૂછીશ. ત્યારબાદ આપેલી પ્રવૃત્તિ દ્વારા કવિ ખબરદારનું 'ગુણવંતી ગુજરાત' અને કવિ ઉમાશંકર જોશીનું 'ગુજરાત મોરી મોરી રે' કાવ્ય વિડિયો દ્વારા સંભળાવી અને સમૂહમાં ગવડાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-સર્જક પરિચય ચાર્ટ બનાવવો.

-પ્રાર્થના / ગીતો એકત્ર કરી અંક બનાવવો.

-નવા શબ્દો, અઘરાં શબ્દો એકડા કરી કાર્ડ બનાવો.

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.

-અન્ય ગુજરાતના ગીતોનું ગાન કરવું

-શબ્દાર્થ લખવા

-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

-પ્રશ્નોના જવાબ લખવા

## ઓગષ્ટ/સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## ૬. રાષ્ટ્રીય શાયર… ઝવેરચંદ મેઘાણી

**અધ્યયન નિષ્પતિ :**

૫.૯ વર્ણમાલાના પરિચયના આધારે સ્પષ્ટ ઉચ્ચારણ કરે તેમજ સ્થાનિક બોલીઓનો પરિચયાત્મક ઉપયોગ કરે.

૫.૧૦ તળપદા શબ્દોને શિષ્ટ શબ્દોથી જુદા તારવે, સમજે ને પ્રયોગ કરે. અનૌપચારિક પરિસ્થિતિઓમાં પોતાના ઘરની ભાષા કે ૬.૪ સ્થાનિક ભાષાનો ઉપયોગ નિ સંકોચ કરે.

૭.૫ ભાવાત્મક અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે.

**શૈક્ષણિક મુદ્દા :**

-એકમના કવિ અને લોકસાહિત્યકારના જીવનનો પરિચય

- ઝવેરચંદ મેઘાણીનું જીવન ચરિત્ર

- એકમનું વાંચન

-શબ્દાર્થ ચર્ચા

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

-પ્રશ્નોના જવાબ સમજો અને લખો

- ઘટનાક્રમની યોગ્ય ગોઠવણી

- ઝવેરચંદ મેઘાણીનું ૧૦૦ શબ્દોમાં પાત્રાલેખન

- ગુજરાતના જાણીતા સાહિત્યકારો વિશે માહિતી

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઈલ / પ્રોજેક્ટર

-સંદર્ભ પુસ્તક

- ગુજરાતના જાણીતા સાહિત્યકારોના ચિત્રો

- ઝવેરચંદ મેઘાણીનું જીવન ચરિત્ર આધારિત પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને આપેલ એકમ દ્વારા 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી' મહાન કવિ અને લોકસાહિત્યકારના જીવનનો પરિચય કરાવીશ. આ એકમમાં ઝવેરચંદ મેઘાણીનું જીવન ચરિત્ર ખૂબ જ રસપ્રદ અને પ્રેરક રીતે બતાવેલું છે જેમાં તેમનું વ્યક્તિત્વ અને કૃતિત્વની સુંદર છબી ઉપસી આવે છે. વિદ્યાર્થીઓને આ એકમનું વાંચન કરી તથા વિડીયો અને ચિત્રો દ્વારા સમજ આપીશ. આ એકમ ની સમજ આપ્યા બાદ આપેલ

શબ્દાર્થની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. ત્યારબાદ વાતચીત દ્વારા આપેલ પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી વારા ફરતી વિદ્યાર્થીઓને પૂછીશ. ત્યારબાદ આપેલા વાક્યો વાંચીને વાક્યોમાં રેખાંકિત કરેલા શબ્દોનો અર્થ શું થશે તે કૌંસમાંથી શોધી તેની નીચે લીટી દોરવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. ઝવેરચંદ મેઘાણીએ કઈ રીતે લોકસાહિત્ય એકઠું કર્યું છે તેની ઘટનાક્રમ યોગ્ય રીતે કરાવીશ. ઝવેરચંદ મેઘાણીનું પાત્ર લેખન ૧૦૦ શબ્દોમાં લખાવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવૃત્તિ દ્વારા ગુજરાતના જાણીતા સાહિત્યકારો વિશે માહિતી એકઠી કરાવીશ.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- ગુજરાતના જાણીતા સાહિત્યકારો વિશે માહિતી એકઠી કરવી.

**મૂલ્યાંકન :**

- ગુજરાતના જાણીતા સાહિત્યકારો વિશે લખો

-શબ્દાર્થ લખવા

-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

-પ્રશ્નોના જવાબ લખવા

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## ૭. નવી નવાઈનું સરઘસ

**અધ્યયન નિષ્પતિ :**

૪.૫ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે.

એકાધિક વિશેષણોનો ઉપયોગ કરે.

૬.૪ સ્થાનિક ભાષાના શબ્દોને માન્ય ભાષાના શબ્દો સાથે સરખાવે.

૭.૫ ભાવાત્મક અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે.

૯.૪ અનૌપચારિક પરિસ્થિતિઓમાં પોતાના ઘરની ભાષા અને સ્થાનિક ભાષાનો નિ સંકોચ ઉપયોગ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- લેખક હિમાંશી શેલત વિશે માહિતી
- મૈત્રીનું મહત્વ

-માણસોનું પ્રાણીઓ પ્રત્યે વર્ણન

-શબ્દાર્થ ચર્ચા

-શબ્દ સમૂહ માટે એક શબ્દ

-રૂઢીપ્રયોગ

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

-'પ્રાણીઓ આપણા મદદગાર' વિષય પર વાક્યો

-ચિત્ર ના આધારે પાંચ-છો વાક્યો

-શબ્દોનો ઉઅપયોગ કરી વાર્તા

-જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબો લખવા

-પ્રશ્નોના જવાબ સમજો અને લખો

-ભાષાસજ્જતા – વિશેષણ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઈલ / પ્રોજેક્ટર

-પ્રાણીઓના મોઢા

-પ્રાણીઓના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'નવી નવાઈનું સરઘસ' ના લેખક હિમાંશી શેલત વિશે માહિતી આપીશ. ત્યારબાદ આ બાળ નાટકમાં આવેલા વિવિધ પ્રાણીઓના પાત્રો દ્વારા 'દોસ્તી'નું સરઘસ એની વિદ્યાર્થીઓને સમજ આપીશ. આ એકમનો હેતુ મૈત્રી સ્થાપવાનો છે પ્રાણીઓ દ્વારા મનુષ્યને સંદેશો આપતા આ નાટકના સંવાદ ઘણા માર્મિક અને રસપ્રદ છે 'નવી નવાઈનું સરઘસ' દ્વારા માણસ જાતને પણ મૈત્રીનું મહત્વ આ એકમ દ્વારા

સમજાવ્યું છે તે વિદ્યાર્થીઓને આ એકમનું વાંચન કરી ચર્ચા કરી સમજાવીશ. ત્યારબાદ એકમમાં આવતા શબ્દાર્થોની ચર્ચા કરી તેની નોંધ કરાવીશ. શબ્દસમૂહ માટે એક શબ્દ અને રૂઢિપ્રયોગની પણ ચર્ચા કરી તેનું લેખન કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની વારાફરતી વિદ્યાર્થીઓને પૂછીશ. પ્રાણીઓ આપણા મદદગાર આ વિષય પર ૧૫ થી ૨૦ વાક્યો બોલાવી અને લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ એક ચિત્રના આધારે પાંચ થી છ વાક્યો બોલાવી અને લખાવીશ. ત્યારબાદ એકમમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા બનાવવાનું કહીશ. આપેલી જાહેરાત અજબ ગજબ હરીફાઈનું વાંચન કરી તેના આધારે પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી સમજાવીશ. આવા અન્ય નાટકો પુસ્તકાલયમાંથી મેળવી મિત્રો સાથે ગ્રુપમાં ભજવવાની પ્રવૃત્તિ કરાવીશ. ભાષા સજ્જતા દ્વારા વિશેષણની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-પુસ્તકાલયમાંથી નાટકો મેળવી ગ્રુપમાં મિત્રો સાથે કરવું

-પ્રાણીઓના મોઢા બનાવવા

-શેરી કે મહોલ્લામાં રખડતા પ્રાણીઓની માહિતી એકઠી કરવી

-નવા શબ્દો, અઘરાં શબ્દો એકડા કરી કાર્ડ બનાવો.

**મૂલ્યાંકન :**

-શબ્દાર્થ લખવા

-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

-પ્રશ્નોના જવાબ લખવા

-'પ્રાણીઓ આપણા મદદગાર' વિષય પર વાક્યો લખો

- ચિત્રના આધારે પાંચ-છો વાક્યો લખો

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## ૮. રામ રાખે તેમ રહીએ

**અધ્યયન નિષ્પતિ :**

૪.૫ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે.

૪.૧ કાવ્યાત્મક ભાષાસૌંદર્ય અને લયનો શાબ્દિક અથવા અશાબ્દિક પ્રતિભાવ આપે.

૩.૬ કાવ્યાત્મક સામગ્રી અંગે પૃચ્છા કરે, સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરે.

૬.૯ શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.

૭.૫ ભાવાત્મક અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મીરાબાઈ ની માહિતી
-કાવ્યગાન, ભાવસમજ
- સમૂહમાં અને વ્યક્તિગત કવિતાનું ગાન
- ભજન અને પ્રાર્થના વિશે સમજ
-શબ્દાર્થ ચર્ચા
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
-ગમતું ભજનનું નામ
- ફકરા પરથી પ્રશ્નોના જવાબની ચર્ચા
- શબ્દના અર્થ લખી વાક્યપ્રયોગ
- ભજનનો અંક બનાવવો

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
-મીરાબાઈ ના ગીતોનું પુસ્તક
-સંગીતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'રામ રાખે તેમ રહીએ' ના ગાયક મીરાબાઈ ની માહિતી આપીશ. આ કવિતામાં આપેલ ભક્તનો ઈશ્વર પ્રત્યેનો સમર્પણ ભાવ વિદ્યાર્થીઓને સમજાવીશ. ભજન અને પ્રાર્થનામાં શું ફરક છે? તડકી અને છાયડી નો શું અર્થ થાય? વગેરે વિશે વિદ્યાર્થીઓને ચર્ચા કરી સમજ આપીશ. કવિતાનું યોગ્ય લઈ રીતે ગાન કરાવીશ. વિદ્યાર્થીઓને સમૂહમાં અને વ્યક્તિગત રીતે કવિતાનું ગાન કરાવીશ. શબ્દાર્થ અને શબ્દસમૂહ માટે એક શબ્દની સમજ આપી લખાવીશ. આપેલ ઉદાહરણ મુજબ શબ્દોના અર્થ લખી તેના વાક્ય પ્રયોગ જોડી જોડીકાર્ય દ્વારા કરાવીશ. ભજનનો અંક બનાવી એ ભજનો સમયાંતરે પ્રાર્થના સભામાં રજૂ કરવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-ભજનનો અંક બનાવવો

-અન્ય ભજન, પ્રાર્થના લખવી

**મૂલ્યાંકન :**

-કાવ્ય કંઠસ્થ કરો.

-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

-ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખવા

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## ૯. નામનો મોહ છૂટ્યો

**અધ્યયન નિષ્પતિ :**

૪.૫ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે.

૫.૦ વ્યાકરણની પરિભાષાનો ઉપયોગ કર્યા વિના નિયત કરેલા ભાષારચનાના ઘટકો ઓળખે અને પ્રયોજે.

૫.૧ અગાઉ શીખી ગયેલા, ભાષારચનાના બેથી વધારે ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે.

૫.૬ વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક, ક્રિયાવાચક અને ભાવવાચક નામ ઓળખે અને માગ્યા પ્રમાણે ઉપયોગ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- લેખક ધૂમકેતુની માહિતી
- એકમનું વાંચન
- તમારા નામનો અર્થ

-શબ્દાર્થ ચર્ચા

- શબ્દસમૂહ માટે એક શબ્દ અને રૂઢીપ્રયોગ, કહેવતની સમજ

-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ

- ફકરો વાંચી પ્રશ્નોના જવાબ અને જવાબના પ્રશ્નો બનાવવા
- સાચો લાગે તે શબ્દની નીચે લીટી

-પ્રશ્નોના જવાબ સમજો અને લખો

- ઉદાહરણ મુજબના નામ શોધવા
- ફકરાની મદદથી કોષ્ટક પૂર્ણ કરવું

-ચિત્ર પરથી સંવાદ બોલવા

-જાણીતા સાહિત્યકારના નામ અને ઉપનામની યાદી બનાવવી

- ભાસજ્જતા દ્વારા સંજ્ઞાની સમજ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક

-મોબાઈલ / પ્રોજેક્ટર

-સાહિત્યકારોની પુસ્તિકા

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- સૌપ્રથમ વિદ્યાર્થીઓને 'નામનો મોહ છૂટ્યો' આ એકમના લેખક ધૂમકેતુની માહિતી આપીશ. ત્યારબાદ એકમનું વાંચન કરી સમજ આપીશ કે આ પ્રેરક કથામાં ભીખુ પાપકને પોતાના નામ પ્રત્યે અણગમો હતો અને ભગવાન બુદ્ધે એને સારું મનગમતું નામ શોધી લાવા કહ્યું પરંતુ તે નામ સાર્થક હોવું

જોઈએ અને આખરે પાપકને સમજાય છે કે નામનો મોહ નિરર્થક છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. ત્યારબાદ એકમમાં આવતા શબ્દાર્થ અને શબ્દસમૂહ માટે એક શબ્દની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. રૂઢિપ્રયોગ અને કહેવતની ચર્ચા કરીને લખાય લખાવીશ. વાતચીત દ્વારા આપેલા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. ફકરો વાંચી કોષ્ટકમાંના પ્રશ્નોના જવાબ અને જવાબના પ્રશ્નો બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. પાઠના આધારે તમને જે શબ્દનો અર્થ સાચો લાગે તે શબ્દની નીચે લીટી કરાવીશ. પાઠમાં આપેલા ઉદાહરણ મુજબના નામ શોધવી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા ચિત્રના પાત્રો શી વાતચીત કરતા હશે? એ વાતચીતના સંવાદ સ્વરૂપે વિદ્યાર્થીઓ સાથે બોલાવીશ. જાણીતા સાહિત્યકારો ના નામ અને ઉપનામની યાદી બનાવી અંક તૈયાર કરાવીશ. ભાષા સજ્જતા દ્વારા સંજ્ઞાની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-પાછળ લાલ આવતો હોય તેવા નામ શોધી લખવા

- જાણીતા સાહિત્યકારના નામ અને ઉપનામની યાદી બનાવી અંક બનાવવો

**મૂલ્યાંકન :**

-શબ્દાર્થ લખવા

-વાતચીત ની પ્રશ્નોત્તરી લખવી

-પ્રશ્નોના જવાબ લખવા

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**

**૧૦. લેખણ ઝાલી નો રહી**

**અધ્યયન નિષ્પતિ :**

૫.૯ ગદ્યની વર્ણનાત્મક સામગ્રીમાંથી વિગતો શોધે.

૩.૪ સામગ્રીનું વિશ્લેષણ કરે ને સામગ્રી વિષયક ચિંતન કરે.

૪.૮ સામગ્રીની રજૂઆત કરવા માટે સ્થાનિક ભાષાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે.

૫.૫ વિધાન, પ્રશ્નાર્થ, ઉદ્ગાર, સંદેહવાચક, ઇચ્છાવાચક વાક્ય ઓળખે અને ઉપયોગ કરે.

૬.૪ ગુજરાતની વિવિધ સ્થાનિક બોલીઓનો પરિચયાત્મક મૌખિક / લેખિત ઉપયોગ કરે.

૯.૩ પાઠ્યપુસ્તકમાં શીખવા મળતી નવી અને ગમતી વાક્યરચનાઓ તથા નવા અને ગમતા શબ્દોને ઘરે કે મિત્રો સાથે કે વ્યવહાર પરિસ્થિતિઓમાં સભાનતાપૂર્વક પ્રયોજે.

**શૈક્ષણિક મુદ્દા :**

- જોરાવરસિંહ જાદવ વિશે માહિતી
-લોકકથાનું વાંચન અને સમજ
- માનવ સ્વભાવની વિષમતાનો પરિચય
- શબ્દાર્થ અને શબ્દસમૂહ માટે એક શબ્દની ચર્ચા
- તળપદા શબ્દો
- કહેવતોની સમજ
-વાતચીત આધારિત પ્રશ્નોની સમજ
- શિક્ષક, વિદ્યાર્થીઓ અને માતાના પાત્રો
- વિરામચિન્હો ફકરામાં મુકવા
- વાંચન ઝડપ વધારવાની રમત
- આમંત્રણ પત્રિકાઓ ભેગી કરવી
- ભાષા દ્વારા વિરામચિન્હોની સમજ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક
- આમંત્રણ પત્રિકાઓ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'લેખણ ઝાલી નો રહી' ના લેખક જોરાવરસિંહ જાદવ વિશે માહિતી આપીશ. આ લોકકથામાં કહળસંગે કરેલી ડાંડાઈનો બદલો હરખચંદ કેવી યુક્તિથી વાળે છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપીશ. આ લોકકથામાં માનવ સ્વભાવની વિષમતાનો પરિચય અને લેખકે ભાલ પંથકના તળપદા શબ્દોનો અહીં સુંદર વ્યવહારિક વિનિયોગ કરીને ભાષાકર્મનો ઉત્તમ નમૂનો આપ્યો છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા શબ્દાર્થ અને શબ્દસમૂહ માટે એક શબ્દની ચર્ચા કરી વિદ્યાર્થીઓને નોંધ કરાવીશ. રૂઢિપ્રયોગો સમજાવી વિદ્યાર્થીઓને વારાફરતી પૂછીશ. પાઠ્યપુસ્તકમાં એકમમાં આવતી કહેવતોની સમજ આપીશ. વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વારાફરતી વિદ્યાર્થીઓને પૂછીશ. શિક્ષક, વિદ્યાર્થીઓ અને માતાના પાત્રો ધ્યાનમાં રાખી સંવાદની રચના કરાવીશ. યોગ્ય વિરામચિન્હો ફકરામાં મુકાવીશ. વાંચન ઝડપ વધારવાની રમત કરાવીશ. વિવિધ આમંત્રણ પત્રિકાઓ ભેગી કરીને અંક બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. ભાષા દ્વારા વિરામચિન્હોની સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- તળપદા શબ્દોની નોધ કરવી
- વિવિધ આમંત્રણ પત્રિકાઓ ભેગી કરી અંક બનાવવો
- વાંચન ઝડપ વધારવાની રમત

**મૂલ્યાંકન :**

-શબ્દાર્થ લખવા
-વાતચીતની પ્રશ્નોત્તરી લખવી
-પ્રશ્નોના જવાબ લખવા